રે.મુ.નં. ૯/૨૦૨૨

## // આંક–૩૦ ની અરજી નીચે હુકમ //

(૧) સબબ કામે પ્રતિવાદી નં.૧ દ્વારા હાલની અરજી સી.પી.સી. કલમ– ૧૦ મુજબ દાવો સ્ટેઈડ કરવા માટે અરજ કરેલ છે. સદરહું આંક– ૩૦ ની અરજીની ટુંકમાં વિગત છે કે, મોજે– મંજુસર, તા.–સાવલીની ખેતીની જમીનો વિષયક વાદીએ મે. સાવલીના સીવીલ જજ (સી.ડી.) સાહેબની કોર્ટમાં એપ્લીકેશન નં.– ૨/૨૦ દાખલ કરી નિ.–૪ થી એવોર્ડ રદ્દ કરવા તથા પ્રતિવાદીઓને મળેલ વળતરની રકમ રૂા.૧૭,૦૦,૦૦૦/– (સત્તર લાખ) વાદીને મળે તે મતલબે માંગણી કરેલ. જે કાયદાની મર્યાદામાં આવેલ ન હોતું અને નથી. જેથી સદર વાદીની અરજ (નિ.–૪) અત્રેથી નામદાર કોર્ટે રદ્દ કરેલ છે. રે.મુ.નં.– ૯/૨૨ માં પણ વાદીએ માંગેલી દાદમાં એક જ સરખા પક્ષકારો છે. વળી મુદ્દો વળતરની રકમ બાબતે એજ જ છે. બંનેવ દાવા અરજ રે.મુ.નં.– ૯/૨૨ અને અરજ નં.– ૦૨/૨૦ નું સીવીલ કોર્ટમાં જ છે. વળી એવોર્ડની નિર્ણય થયેલી હકીકતો એવોર્ડના નાણાં ચુકવાઈ ગયેલ છે અને તમામ પ્રોસીડીંગ પ્રતિવાદી નં.– ૧– ૨–૩ ની માલિકી કબજાની જમીનો હોઇ અને કેનાલ પ્રતિવાદીઓની જમીનમાં સંપાદિત થયેલ હોવાથી બંનેવ દાવામાં વાદીની માંગણી (દાદ) મંજુર કરવા મતલબે હોઇ આપ ના. કોર્ટનો દાવો રે.મુ.નં.– ૯/૨૨ સી.પી.સી. કલમ–૧૦ મુજબ સ્ટેડ ઓફ ધ સ્યુટ કરવા પાત્ર છે. બંનેવ દાવા અરજમાં પક્ષકારો એક સરખા જ છે. બન્ને કેસમાં મુદ્દા માટેની વિગતો એક સરખી છે. રે.મુ.નં.– ૯/૨૨ આપ ના. કોર્ટમાં અને અરજ નં.– ૨/૨૦ મે. સાવલીના સીવીલ જજ (સી.ડી.) માં પેન્ડીંગ છે. માલિકી અને વળતર અંગેની માંગણી દાદ બંનેવ કેસોમાં એક સરખી છે. બનેવમાં પક્ષકારોની ખામી છે. વાદીએ પોતાના સગા ભાઈ–બહેનોને પેઢીનામાં મુજબ અને મૈયત ચંદ્રકાંતભાઈના વારસો તમામને પક્ષકાર તરીકે જોડેલ નથી. સક્ષમ કોર્ટે (સી.ડી.) માં એવોર્ડ અને લેન્ડ રેફરન્સ થઇ નિર્ણય થયેલ હોઈ અને અરજદાર વાદીએ માંગેલ મનાઇ અરજ રદ કરેલ છે. સદર કામે પક્ષકારો વચ્ચેની તકરારોનો નિર્ણય એવોર્ડ અને નિગમ એવોર્ડની કાર્યવાહી અને વળતરની વસુલાત માટેનો છે. બંનેવ કેસોમાં જયાં

સુધી એવોર્ડ રદ્દ કરવામાં ન આવે ત્યાં સુધી વાદીના હાલના દાવો નં.- ૯/૨૨ માં નિર્ણય કાયદા પ્રમાણે નકકી થઇ શકે તેમ પણ સદર દાવો સ્ટેઈડ કરવાપાત્ર છે. કાયદા પ્રમાણે એવોર્ડ અને લેન્ડ રેફરન્સના નિર્ણયને રદ્દ કરવા ના. કોર્ટને હકુમત પહોંચતી નથી. કહેવાતા સમાધાન કરાર બોગસ વાદીએ ઉભો કરેલ છે. તેનો અમલ પણ થયેલ ન હોતો અને નથી. જેથી દાવો સ્ટેઈડ કરવાપાત્ર છે.

વધુમાં ખરી હકીકતો એવી છે કે, મોજે- મંજુસર, તા.-સાવલીની સીમની ખેતીની જમીન ખાતા નં.- ૧૫૮ થી બ્લોક નં.- ૪૬૯, (એ.- ૫-૩૫ ગુઠા), હે.- ૨-૩૭-૭૫ આ.પ્ર.આ. જેઠાભાઈ પુંજાભાઈ અને મગનભાઈ પુંજાભાઈ ના નામે વડીલોના વખતથી ચાલતી આવેલ હતી. કાળક્રમે કૌટુંબીક વહેંચણથી નોંધ નં.- ૫૪૫ થી મગનભાઈ પુંજાભાઈના નામે ચાલતી આવેલી. તે ગુજરી જતા તેમના સીધી લીટીના તેઓ વારસો ની નોંધ નં.- ૩૫૫૯ વારસાઇથી નામફેર નોંધ નં.-૩૫૫૯ થી (૧) મણીબેન મગનભાઈ, (૨) ચંદ્રકાન્તભાઈ, (૩) જગદિશભાઈ, (૪) મહેન્દ્રભાઈ, (૫)કુસુમબેન, (૬) મંજુલાબેન, (૭) સરલાબેનનાઓના નામ દાખલ થયેલ. ત્યારબાદ તેઓ વારસો પૈકી નં.-૧,૫,૬,૭ નો હકક કમી સંમતિ થી કરેલ હતો. મોજે- મંજુસર, તા.-સાવલી ની બ્લોક નં.- ૪૬૯/અ અને બ્લોક નં.- ૪૬૯/બ એમ બે ભાગ કેનાલથી પડેલા. અને ત્યારબાદ માઈનોર થી પાંચ ભાગ પડવાથી વહેંચણની નોંધ નં. -૭૩૫૯ તા.- ૨૯/૧૦/૨૦૦૭ ના રોજ રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ છે. તેમાં સદર જમીન બ્લોક નં.- ૪૬૯/અ પૈકી અને ૪૬૯/બ પૈકી માં અનુક્રમે હે.- ૦-૭૧-૫૧ આ.પ્ર.આ. અને હે.- ૦-૬૪-૭૫ આ. પ્ર.આ. નટવરભાઈ જેઠાભાઈના હિસ્સે આવેલી. તે જીવ્યા ત્યાં સુધી અને નર્મદા સરોવરનો એવોર્ડ ત્થા રેફરન્સ થતાં સુધી હયાતીમાં સદર સંપાદન જમીનમાં પણ કોઈ વખત એવોર્ડ અને રેફરન્સમાં તકરાર લીધી ન હોતી અને નથી. તેઓ તા.- ૧૬/૦૧/૧૭ ના રોજ ગુજરી ગયા બાદ નોંધ નં.- ૧૦૬૩૪ થી તા. - ૨૩/૦૨/૧૭ ના રોજ અરજદાર તથા અન્ય વારસોની વારસાઈ થયેલ.

સદર એવોર્ડનો વળતર કેસ નં. L.R.No. 1071/17 to 1074/17 માં નટવરભાઈનો પણ જુદો એવોર્ડ થઇ આવેલ છે. [Main L.R. NO.- 1073/17 થી ૧૯૯૭-૯૮] માં એવોર્ડ થયેલો તેમાં તેઓ પૈકી સામાવાળા નં.- ૧-૨- ૩ ની જમીનમાં જ કેનાલ હોઈ તેઓના ભાઈ ચંદ્રકાન્તભાઈ તથા સામાવાળાઓના નામે એવોર્ડ થયેલો. ચંદ્રકાંતભાઈ ગુજરી ગયેલ છે તેમ તમામ વારસોને પક્ષકાર બનાવેલ નથી. અરજદારના સગા ભાઈ બહેનોને પક્ષકાર તરીકે વાદીએ લીધેલા નથી. વાદી રાકેશભાઈ નટવરલાલ એકલા આ દાવામાં વાદી પક્ષકાર છે. નટવરભાઈના બીજા વારસો પૈકી પેઢીનામાં મુજબ (૧) પ્રભાબેન, (૨) હંસાબેન, (૩) સુરેશભાઇ, (૪)શિલાબેન, (૫) રાકેશભાઈ નાઓને વાદીએ પક્ષકાર જોડેલ નથી. જે જરુરી પક્ષકાર છે. નટવરભાઈ તા.- ૧૬/૦૧/૧૭ ના રોજ ગુજરી ગયેલ છે. તેમની હયાતીની વહેંચણમાં નોંધ નં.- ૭૩૫૯ થયેલ છે. તે મુજબ સર્વે/બ્લોક નં.- ૪૬૯/બ - ૦-૭૧-૫૪ અને ૪૬૯/અ- ૦-૬૪-૭૫ (રેવન્યુ રેકર્ડ મુજબ) વારસાઈ નોંધ નં.- ૧૦૬૩૪ તા. - ૨૩/૦૭/૧૭ ના રોજ થયેલ છે અને ખાતા નં.- ૧૦૪૯ થી બ્લોક નં.- ૪૬૯ અ, હે.- ૦-૬૪-૭૫ આ.પ્ર.આ. માં હયાતીની વહેંચાણથી નામફેર થયેલ તેની નોંધ નં.- ૭૩૫૯ તા.- ૨૯/૧૦/૦૭ થી દાખલ થયેલ અને પ્રમાણિત થયેલ છે. નામદાર કોર્ટ માં એલ.આર. નં.- ૧૦૭૧/૧૭ માં પ્રતિવાદીઓ પૈકી મૈયત ચંદ્રકાન્તભાઈ તથા (સામાવાળાઓ)ના નામે એવોર્ડ થયેલ છે. વળી નટવરભાઈ ગુજરી ગયેલ છે. તેમના વારસોમાં ઉપર જણાવ્યુ તેમ વારસો છે. વાદી તર્ફે ખોટી રજુઆતો તથા ખોટી હકીકતોએ દાવો થયેલ છે અને મનાઈ હુકમમાં વચગાળાની માંગણી છે જે કાયદાના પ્રસ્થાપિત ધોરણો મુજબ નથી. રેવન્યુ રેકર્ડ, એવોર્ડ તથા એલ.આર. નં.- ૧૦૭૧/૧૭ અને એલ.આર. નં. - ૧૦૭૪/૧૭ ના ઠરાવ આ કામે મહત્વના પુરાવા છે. વળી રેવન્યુ રેકર્ડમાં પણ ઉપર દર્શાવેલ વિગતો વાદીની દાવા હકીકતોમાં કહેવાતો હકક ના-સાબિત કરે છે. કહેવાતુ સમાધાન વાદી જણાવે છે તેમ થયેલ નથી અને અમોને કબુલ નથી અને વાદી જણાવે છે તેમ તેવું સમાધાન થયેલ નથી. વળી સંપાદનની કાર્યવાહી પ્રતિવાદીઓની જમીનમાં જ

થયેલ છે. માત્ર ને માત્ર પ્રતિવાદીઓ સામે થયેલ છે. એવોર્ડ અને લેન્ડ રેફરન્સ પણ પ્રતિવાદીઓ સામે થયેલ છે.

પ્રતિવાદીએ તેઓની સદર અરજીના પેરા નં.૪ માં માંગણી કરેલ છે કે,

૧) દાવાના વિષયવાળી બ્લોક નં. – ૪૬૯/પૈકી ની હે.– ૦–૩૨–૦૦ આરે.પ્ર.આરે. જમીન નર્મદા કેનાલમાં સંપાદનમાં પ્રતિવાદીઓની ગયેલ હોઈ તથા સક્ષમ અધિકારીએ પ્રતિવાદી સામે કાર્યવાહી કરી વળતર ચુકવેલ હોઈ અને પક્ષકારોની તકરારો અને વિષય વસ્તુ સમાન હોઈ સદર દાવો (રે.મુ.નં.– ૯/૨૨) સી.પી.સી. કલમ– ૧૦ મુજબ "સ્ટેડ" કરવા હુકમ કરવા મે. કરશો.

૨) નામદાર કોર્ટ ને લાગે છે તેવી અને તેટલી હરકોઈ દાદ પ્રતિવાદીઓને આપો.

૩) આ અરજીનું ખર્ચ વાદીથી અપાવશો.

(૨) સદરહું કામે વાદી ધ્વારા પ્રતીવાદીની આંક–૩૦ ની અરજી સામે કોઇ જવાબ રજુ કરવામાં આવેલ નથી.

(૩) સદર કામે પ્રતિવાદીની આંક–૩૦ ની અરજીનો દલીલોનો હકક તા.૦૯/૦૪/૨૦૨૪ ના રોજ આંક–૩૦ નીચે હુકમ કરી બંધ કરવામાં આવેલ છે.

સદર કામે વાદીએ આંક–૩૦ ની અરજ લગત મૌખીક દલીલો કરેલ છે કે, જેની ટુંકમાં વિગત છે કે, આંક–૩૦ ની અરજી સી.પી.સી. કલમ–૧૦ મુજબની છે. તેમાં મુખ્ય તકરાર છે કે, હાલનો દાવો એક જ સબજેકટનો બીજો દાવો છે. આગળનો સીએમએ ન.૨/૨૦૨૦ થી સીનીયીર ડીવીઝન કોર્ટ સાવલી ખાતે દાખલ થયેલ છે અને તે જ પ્રકારનો હાલનો દાવો દાખલ કરવામાં આવેલ છે એવી તેમની તકરાર છે. અગાઉનો જે સીએમએ છે તે તા.૦૪/૦૩/૨૦૨૦ ના રોજ સીનીયર સીવીલ જજ સાહેબનાઓએ નામંજુર કરેલ છે તેમ છતાં તે જ પ્રકારનો દાવો હાલના વાદીનાઓએ પ્રતિવાદીઓ વિરુધ્ધ કરેલ છે. તેવી તેમની રજુઆત સાથે ઓર્ડર ૭ મુજબ અરજી કરેલ છે.

તે બાબતે દલીલો કરતાં જણાવે છે કે, સીવીલ પરચુરણ અરજ નં. ૨/૨૦૨૦ ની અરજ એએલઆર નં.૧૦૭૩/૨૦૧૭ જુનો કેસ નં. ૨૧૯૯/૨૦૦૦ તેમજ ૨૧૯૫/૨૦૦૦ થી ૨૨૦૨/૨૦૦૦ ના હુકમના વળતરની રકમ માટે કરેલો હતો જે સીએમએ દાવામાં વળતરની જે રકમ આપવામાં આવેલી છે તે રકમ હાલના વાદીનાઓને મળવાપાત્ર છે અને તે રકમ પ્રતિવાદીઓના ખાતામાં જમા થઇ ગઇ છે તે બાબતનો હતો.

વાદી અને પ્રતિવાદીઓ કાકા–બાપાના દીકરાઓ છે. પ્રતિવાદીના કાકા ના દીકરાઓ છે. વાદી મોટા પપ્પાના દીકરાઓ છે. પ્રતિવાદીઓના નામે જે તે વખતે વાદગ્રસ્ત જમીનો ચાલતી હતી અને તેમાંથી જયારે કેનાલ નીકળી અને તે કેનાલના એલઆર ના પૈસા પ્રતિવાદીઓના ખાતામાં જમા થયેલા ત્યારે પ્રતિવાદીઓએ મૌખીક જણાવેલું કે, આ જમીન તમારા ભાગની છે અને તમને જયારે જોઇશે ત્યારે તમને આપી દઇશું. ત્યારબાદ વાદીઓના ભાગે આવેલી જમીન વાદીઓના નામે કરવામાં આવેલી પરંતુ તે જમીનમાંથી કેનાલ ગઇ હોવાથી તે કેનાલના જે પૈસા પ્રતિવાદીઓના ખાતામાં જમા થયેલા તે પૈસા વાદીઓએ જયારે પ્રતિવાદી પાસેથી માંગ્યા ત્યારે પ્રતિવાદીઓએ કહેલ કે, તે પૈસા અમારાથી વપરાઇ ગયા છે પરંતુ પ્રતિવાદીઓએ વાદીને તા.૧૦/૦૨/૨૦૨૦ ના રોજ રૂા.૫૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર લખાણ એટલે કે સમાધાન કરાર કરી આપેલ કે, જે કેનાલના પૈસા છે તે રૂા.૧૦ લાખનો ચેક તેમજ મૌખીક રીતે રૂા.૭,૦૦,૦૦૦/– અને રૂા.૧૦,૦૦૦/– ચુકવી આપીશું તે બાબતનો લખાણ કરી આપેલ જેમાં પ્રતિવાદીઓએ લખાણમાં સહીઓ કરેલ છે. ત્યારબાદ ચેક પણ આપેલો નહી અને રોકડ રકમ પણ જે ચુકવવાની હતી તે ચુકવેલ નહી અને પ્રતિવાદીઓ વિદેશ જતા રહયા હતા અને ત્યારબાદ પૈસા આપવા માટે પ્રતિવાદીઓ બાના બતાવવા લાગેલા જેથી આ સમાધાન કરારનું પાલન કરાવવા માટે અને લેણી રકમ વસુલ મેળવવા માટે હાલનો આ દાવો કરેલ છે. જેથી અગાઉનો જે સીએમએ નં. ૨/૨૦૨૦ વાળી અરજી છે તે તેની વિષય વસ્તુ અને હાલના દાવાની વિષય વસ્તુ અલગ અલગ છે. જેથી આંક– ૩૦ તેમજ આંક–૨૭ ની જે અરજી તે તેમાં સરખો બચાવો લીધેલો છે એટલે કે તે બંને અરજી અમારી દલીલો મુજબ ટકવાપાત્ર

નથી તેથી તે રદ કરવી જોઇએ. હાલનો દાવો એવોર્ડની રકમ કે એવોર્ડના હુકમને ચેલેન્જ કરવા માટેનો નથી જેથી પણ હાલના પ્રતિવાદીઓની બંને અરજીઓ ટકવાપાત્ર નથી. લીમીટેશનનો જે બાધ છે તે પણ હાલના દાવાને લાગુ પડતો નથી. રેશજયુડીકેટા તથા સત્ય હકીકતો છુપાવેલાની એસ્ટોપલ વિગેરે ફોર્મલ કારણો જણાવી હાલની અરજી દાખલ કરેલ હોય તે તમામ કારણો વાદીના દાવાને લાગુ પડતા નથી.માત્ર અને માત્ર કામ લંબાવવા માટે તેમજ વાદીને લેણી રકમ ચુકવવી ન પડે તેવા હેતુથી હાલની આ બંને અરજીઓ આપેલી છે તે બંને અરજીઓ ખર્ચ સહ રદ કરવા માટે તેમજ કામને ખોટી રીતે નંબર લંબાવાના હેતુસર આપવામાં આવેલ છે જેથી કોસ્ટનો હુકમ કરવા વિનંતી છે અને આ કોસ્ટની રકમ વાદીનાઓને મળે તેવો આદેશ કરવા વિનંતી છે.

(૪) CODE OF CIVIL PROCEDURE, 1908

**SECTION** 10 : **Stay of suit**

No Court shall proceed with the trial of any suit in which the matter in issue is also directly and substantially in issue in a previously instituted suit between the same parties, or between parties under whom they or any of them claim litigating under the same title where such suit is pending in the same or any other Court in [India] having jurisdiction to grant the relief claimed, or in any Court beyond the limits of [India] established or continued by [the Central Government] [***] and having like jurisdiction, or before [the Supreme Court].

**Explanation.**–The pendency of a suit in a foreign Court does not preclude the Courts in [India] from trying a suit founded on the same cause of action.

ઉપર મુજબ કલમ–૧૦ વંચાણે લેતાં હાલની કોર્ટ સીવીલ કોર્ટ છે જયારે પ્રતિવાદીએ સીએમએ નં.૨/૨૦૨૦ કરેલ છે તે લેન્ડ રેફરન્સ કોર્ટ સમક્ષ કરેલ છે. જેથી પ્રતિવાદીએ રજુ કરેલ અરજ નં.૨/૨૦૨૦ માં મનાઈ અરજ લગત થયેલ હુકમની નકલ માર્ક– ૪૭/૧ અને અરજ નં.૨/૨૦૨૦ ના કામે આંક–૪ થી કરેલ અરજ અને તે લગત થયેલ હુકમ વંચાણે લેતાં હાલના દાવાને સીપીસી કલમ– ૧૦ મુજબનો બાધ નડતો નથી જેથી હાલનો દાવો સીપીસી કલમ– ૧૦ મુજબ સ્ટે કરી શકાય નહી. જેથી હાલની અરજ નામંજુર કરતો નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

(૧) પ્રતિવાદીઓની હાલની આંક–૩૦ ની અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

આજ તા.૯ **મી,** માહે **જુન,** સને **૨૦૨૫** ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : સાવલી
તારીખ : ૦૯/૦૬/૨૦૨૫

**(મેહજબીનબેગમ મેહબુબમીયા સૈયદ)**
એડીશનલ સિવિલ જજ,સાવલી
**(GJ-01452)**